
# દેવના કુટુંબમાં વિશ્વાસીઓ એકબીજાની સેવા કરે.

નવા કરારની 'એકબીજા' અંગેની આજ્ઞાઓ પાળવા માટે
પવિત્ર આત્માના દાનો વિશ્વાસીઓને શક્તિ આપે છે.



વિશ્વાસીઓ અને આગેવાનોના શક્ય એટલા નાના જૂથો બનાવો જેથી દરેકની ઉન્નતિ શક્ય બને અને બધાને સેવા કરવામાં ભાગ મળે.

ગલાતી ૫ :૧૩માં જણાવ્યું છે કે વિશ્વાસીઓએ એક બીજાની સેવા કરવી જોઈએ ''કેમ કે ભાઈઓ તમને સ્વતંત્રતા પ્રાપ્ત કરવાને અર્થે બોલાવેલા હતા; માત્ર એટલું જ કે તે તમારી સ્વતંત્રતા શારીરિક વિષયભોગને અર્થેન વાપરો, પણ પ્રેમથી એકબીજાની સેવા કરો.'

આવી 'એકબીજા' વિષે ઘણી કલમો બાઈબલમાં છે.

નવાકરારની સાચી શરીરરૂપ મંડળીમાં વિશ્વાસીઓ નાના જૂથમાં ભેગા મળે છે જરૂરી છે. જેથી બધા કાર્ય કરી શકે અને ભાગ લઈ શકે.

- વિશ્વાસીઓએ બધાની વાત સાંભળવી જોઈએ અને દેવની આજ્ઞા પ્રમાણેની આત્મિક શિસ્તમાં એકબીજાની મદદ કરવી જોઈએ. વિશ્વાસીઓએ એકબીજાને ઉત્તેજન આપવું જોઈએ. એકબીજા માટે પ્રાર્થના કરવી જોઈએ. એકબીજા આગળ ભૂલો - પાપ કબૂલ કરવા જોઈએ અને એમ એકબીજાની સેવામાં આગળ વધવું જોઈએ.
- પવિત્ર આત્મા વિશ્વાસીઓને તેણે આપેલા આત્મિક દાનો વડે એકબીજાની સેવા અને વૃદ્ધિ કરવામાં મદદ કરે છે.
- વિશ્વાસીઓએ નાના જૂથો રચી દરેકને બોલવા માટે મોકળાશ આપવાની છે. આમ છતાં, શરમાળ નવાંગતુકોને બોલવા માટે દબાણ કરવું નહિ. તેઓ તૈયાર થાય ત્યારે તેમને બોલવા દેવા.
- વિશ્વાસીઓએ નવા કરારની 'એકબીજા' અંગેની આજ્ઞાઓ તેમના પોતાના જૂથમાં અને અન્ય જૂથોમાં પણ પાળવાની છે. માંડલિક દેહ કોઈ એકના જૂથ પૂરતો માર્યાદિત નથી. વિશ્વાસીઓએ એક દેહ તરીકેનું જીવન પણ જૂથો વચ્ચે વ્યવહારિક અમલમાં મૂકવાનું છે. કારણ કે એક નાના જૂથ પાસે બધા જ આત્મિક દાનો હોતા નથી. દેવ જુદા જુદા જૂથના વિશ્વાસીઓને ઘણીવાર જુદા જુદા આત્મિક દાનો આપે છે. દાત. જો તમારુ જૂથ સુવાર્તા પ્રચારમાં નબળું છે તો બીજી સુવાર્તાપ્રાચર પદ્ધતિનું સંશોધન ન કરશો. પણ બીજા જૂથમાં કોઈ સુવાર્તિક હોય કે જે તમને મદદ કરવા રાજી હોય તેમની મદદ લો. આ જ રીતે તમારું જૂથ પણ બીજા જૂથને મદદરૂપ થઈ શકે.
- વિશ્વાસીઓનું નાનું જૂથ સારામાં સારુ કાર્ય કરી શકે છે. માટે ઘરોમાં જ્યાં વિશ્વાસીઓ સહેલાઈથી ભેગા મળી શકતા હોય ત્યાં નાની મંડળીઓ ઊભી કરવી અને ભજનસેવા વખતે તેમના બે ત્રણના જૂથો પાડી તેઓ પ્રાર્થના, સલાહ, યોજનાઓની ચર્ચા વિ. પ્રવૃત્તિઓ કરી શકે.

મંડળીઓ અને વિશ્વાસીઓ વચ્ચે આ રીતની પ્રેમભરી અને ખેલદિલી ભરેલી કાર્ય પદ્ધતિથી વિશ્વાસીઓની સેવાઓ વધારે સબળ બની શકે.

## આગેવાનોની જવાબદારીઓ

- દરેકને ઉત્તેજન આપો. એક આગેવાન તરીકે તમારા ટોળાના દરેક વિશ્વાસીને પોતાના દાનનો ઉપયોગ એકબીજાની ઉન્નતિ માટે કરવાની તક મળે એ તમારી જવાબદારી છે (એફેસી. ૪ :૧૧-૧૬)
- સેવાની બાબતોમાં સમતુલન જાળવો. કોઈ એક દાનને બીજા કરતા વધારે ભાર ન આપો. (૧ કોરીંથ ૧૨ :૧૪-૩૦) કોઈ પણ ટોળાની મોટામાં મોટી ખામી એ છે કે તેનામાં રહેલા કોઈ પ્રતિભાશાળી દાનનો અતિરેક ભર્યો ઉપયોગ કરવામાં આવે.
- નેટવર્ક (કાર્ય જાળ) બનાવો. દરેક નાના જૂથ પાસે તેની જરૂર મુજબનું દાન હોતુ નથી. માટે નવા કરારનું જૂથ માળખું મંડળી મંડળી વચ્ચે વ્યવહારો રહે તે જરૂરી માને છે. મકદોનીયાના ગરીબ વિશ્વાસીઓમાં દાખલા તરીકે ઉદારતાનું દાન ખૂબ હતું અને તેઓ અન્ય જગાઓની મંડળીઓને આ રીતે બળ પુરુ પાડતા હતા. (૨ કોરંથી ૮ :૧-૫ અને પ્રેકૃ. ૧૮ :૧-૫ સરખાવો)

## નવા કરારની એકબીજા અંગેની આજ્ઞાઓ

જૂથની અંદર અને જૂથો વચ્ચે પ્રેમાળ સંગત ઊભી કરો. તમારા ટોળાએ અનુસરવાની આજ્ઞાઓનો તાકીદના ધોરણે અભ્યાસ કરો. જેઓ મીટીંગોમાં આવે છે તેમણે કઈ આજ્ઞાઓનો પ્રથમ અભ્યાસ કરવો અને અમલમાં મૂકવી તે નક્કી કરવું.

### ૧. પ્રેમ

- એકબીજા પર પ્રેમ કરો યોહાન. ૧૩ :૩૪-૩૫; ૫ : ૧૨,૧૭; રૂમી ૧૨ :૧૦; ૧ થેસ્સા. ૪ :૯; ૧ યોહાન ૩ :૧૧,૧૪ અને ૨૩; ૪ :૭, ૧૧ અને ૧૨; ૨ યોહાન ૧ :૫; ૧ પીતર ૧ :૨૨
- નિયમ પૂરો કરવા માટે એકબીજા પર પ્રેમ કરો. રૂમી ૧૩ :૮
- એકબીજા પ્રત્યેના પ્રેમને વધારો ૨ થેસ્સા ૧ :૩
- એકબીજા પર પ્રેમ રાખવા બંધાઓ ૧ થેસ્સા ૩ :૧૨
- એકબીજા પર ઊંડો પ્રેમ રાખો અને ઘણા પાપોને ઢાંકો. ૧ પીતર ૪:૮

### ૨. સંગત અને સમાધાન

- એકબીજા સાથે સંગત રાખો ૧ યોહાન ૧ :૭
- એકબીજાને ક્ષમા કરો એફેસી ૩ : ૧૩; ૪ :૩૨; કોલોસી ૩ :૧૩
- એકબીજાને પવિત્ર ચુંબન સાથે મળો (કેટલીક જાતિઓમાં ભેટવામાં આવે છે ) રૂમી ૧૬ :૧૬; ૧ કોરીંથ ૧૬ :૨૦; ૨ કોરીંથ ૧૩ :૧૨; ૧ પીતર ૫ :૧૪
- રોટલી ભાંગવામાં એકબીજાની વાટ જોવી ૧ કોરીંથ ૧૧ :૩૩
- એકબીજાના દુઃખ ઊઠાવો ૧ કોરીંથ ૧૨ :૨૬.

### ૩. સેવા

- પોતાનો મળેલા આત્મિક દાન વડે એકબીજાની સેવા કરવી ૧ પીતર ૪ :૧૦
- એકબીજાની પ્રેમમાં સેવા કરવી ગલાતી ૫ :૧૩
- ૧ થેસ્સા. ૫:૧૫
- એકબીજાની કાળજી રાખવી ૧ કોરીંથ ૧૨ :૨૫
- એકબીજાના ભાર ઊંચકવા ગલાતી ૬ :૨
- નમ્રતાના પ્રતિક તરીકે એકબીજાના પગ ધોવા યોહાન ૧૩ :૧૪

- એકબીજા સાથે કામ કરવું ૧ કોરીંથ ૩ :૯; ૨ કોરીંથ ૬ :૧

**૪. શિક્ષણ આપો.**

- એકબીજાને શીખવો કોરીંથ ૩ :૧૬
- એકબીજાને ઉપદેશ આપો રૂમી. ૫ :૧૪ (ચેતવણી)

**૫. ઉત્તેજન**

- એકબીજાને ઉત્તેજન આપો કોલોસી ૩ :૧૬; હેબ્રી ૧૦ :૨૫
- એકબીજાને ઉત્તેજન આપો (exhort) હેબ્રી ૩ :૧૩
- એકબીજા સાથે સાચુ બોલો એફેસી ૪ :૨૫
- એકબીજા માટે જીવ આપો ૧ યોહાન ૩ :૧૬
- પ્રેમ કરવા અને સારા કામ કરવા એકબીજાને ઉત્તજન આપો. હેબ્રી ૧૦ :૨૪

**૬. પ્રાર્થના કરો, અપરાધ કબૂલ કરો અને ઉન્નતિ કરો.**

- એકબીજા માટે પ્રાર્થના કરો યોહાન. ૫ :૧૬
- એકબીજા આગળ પાપ કબૂલ કરો યોહાન ૫ :૧૬
- એકબીજાની ઉન્નતિ (દૃઢ કરો, બાંધો) કરો ૧ થેસ્સા. ૪ :૧૮ અને ૫ઃ ૧; ૫ઃ ૧૧
- ગીતો, શિક્ષણ ચેતવણી પ્રકટીકરણ, ભાષાઅઓ કે તેના ખુલાસા દ્વારા એકબીજાની ઉન્નતિ કરો ૧ કોરીંથ ૧૪ :૨૬
- એકબીજા સાથે દેવને મહિમા આપો રૂમી ૧૫ :૬

**૭. નમ્રતાથી એકતા સાધવી**

- એકબીજાને માન આપો રૂમી ૧૨ :૧૦
- એકબીજા સાથે એક મનના થાઓ. ૨ કોરીંથ ૧૩ :૧૧; રૂમી ૧૨ :૧૬; ૧૫ :૫
- એકબીજાની ટીકા ન કરવી રૂમી ૧૪ :૧૩
- એકબીજાનું ખરાબ ન બોલવું યાકૂબ ૪ :૧૧; ૫ :૯
- એકબીજાને આધિન થવું એફેસી ૫ :૨૧
- એકબીજા સાથે નમ્રતા પહેરવી ૧ પિતર ૫ :૫

**૮. એકતામાં રહેવું.**

- એકબીજા પ્રત્યે ધીરજ રાખવી એફેસી ૪ :૨
- એકબીજા પ્રત્યે શાંતિમાં રહેવું માત્થી ૯ :૫૦
- એકબીજાનો પ્રેમથી આવકાર કરવો. રૂમી ૧૫ :૭; ૧ પિતર ૪ :૯

એકબીજાની સેવા કરવા માટે પોતાના આત્મિક દાન વિષે જાણવા અને તેનો ઉપયોગ કરવા દરેકની સહાય કરો.

અહીં દર્શાવવામાં આવેલા મોટાભાગના આત્મિક દાન સાથે નમૂના તરીકે બાઈબલની વ્યક્તિ બતાવવામાં આવી છે જેથી તમે સરળતાથી સમજાવી શકો.

**રૂમી ૧૨:૬-૮માં દર્શાવેલ આત્મિક દાનોના અમલ કરો.**

નીચેના સૂચિમાં કૌંસમાં ( ) ખરું કરો. જૂથમાં જે આત્મિક દાન જૂથમાં શરૂ થવું જરૂરી હોય તેની સામે ખરું કરો.

( ) સેવા. પાળક (ડીકન) પ્રેકૃ. ૬ :૧-૭

( ) પ્રબોધ દેવ તરફથી સામર્થ્ય, દિલાસા અને ઉત્તેજન માટે સંદેશા આપે. ૧ કોરંથી ૧૪ :૩

( ) આપવું. અબીગાઈલ ૧ શમૂ. ૨૫, માર્ગદર્શન, ૨ કોરીંથ ૯.

( ) શીખવવું, એઝરા, નહેમ્યાહ ૮, હેતુ એફેસી ૪ :૧૧-૧૬

( ) ઉત્તેજન, ચેતવણી, પાઉલ એફેસસના વડીલોને આપે છે. પ્રેકૃ. ૨૦ : ૧૭-૩૮

( ) દોરવણી બીજાઓને સેવા કરવામાં મદદ કરે તેવા દાસ આગેવાન બનવું. મુસા નિર્ગમન ૧૮ :૧૩-૨૬

( ) દયા બતાવવી દાઉદે શાઉલ પ્રત્યે બતાવી ૧ શમૂ. ૨૪

**૧ કોરીંથ ૧૨ :૭-૧૧ અને ૨૭ -૩૦ ના દાનોનો પણ ઉપયોગ કરો.**

( ) જ્ઞાનયુક્ત સલાહ આપવી સુલેમાન રાજા ૧ રાજા ૩ :૫-૨૮

( ) સત્ય પર આધારિત નિર્ણયો કરવા બેરિયાના લોકો વચનનું સંશોધન કરતા હતા. પ્રેકૃ. ૧૭ :૧૦-૧૨

( ) પ્રેકૃ. ૧૮ :૧-૫, ૨૪-૨૮

( ) પ્રેરિત તરીકે જાઓ (મોકલાએલા) રૂમી ૫ :૨૦-૨૧ પાઉલ પ્રેકૃ. ૧૩,૧૪ અધ્યાયો.

( ) પારખશક્તિ નાથાન ૨ શમૂ. ૧૧, ૧૨ અધ્યાય

( ) સાજાપણું પીતર અને યોહાન એક લંગડા માણસને સાજો કરે છે. પ્રેકૃ. ૩ -૪ અધ્યાય.

( ) વહીવટ નહેમ્યાહ નહે. ૨-૩ અધ્યાય.

( ) ચમત્કારો એલિયાહ ૧ રાજા. ૧૮ :૧૬-૪૬, એલિશા ૨ રાજા ૨ થી૫

( ) ભાષાઓ બોલવી કર્નેલ્યસનું કુટુંબ પ્રેકૃ. ૧૦ :૪૪-૪૮.આ દાનનો ઉપયોગ આના પછીના મુદ્દા સાથે કરવો.

( ) અન્ય ભાષાઓનો તરજૂમો કરવો. આ અંગેની ચેતવણીઓ માટે જૂઓ. ૧ કોરીથ ૧૪

( ) વિશ્વાસનું દાન (દરેક ને જરૂરી છે પણ કેટલાંક બીજામાં વિશ્વાસ ઉપજાવે છે) કોઢિયો અને સુબેદાર માત્થી ૮ :૧-૧૩ જૂના કરારના વિશ્વાસુઓ હેબ્રી ૧૧

**એફેસી ૪ :૧૧ મા જણાવેલ અન્ય દાનોનો ઉપયોગ કરો**

( ) સુવાર્તા પ્રગટ કરો (સુવાર્તિક) ફિલિપ, પ્રેકૃ. ૮ :૨૬-૪૦

( ) પાસ્ટર (પાળક) એફેસસના વડીલો, પ્રેકૃ. ૨૦ :૨૮-૩૪, ૧ પીતર ૫ : ૧-૪

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.